સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited Grade A by NAAC*

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૬૬/'૧૮

તા.૨૩/૧૦/'૧૮

વિષય :- રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત.

સંદર્ભ :- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૧૦/૨૦૧૮ના પત્ર ક્ર. નં.હ-૨/સ્કો/૨૦૧૮/૨૯૧૮-૩૨૮૮.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ પર ૨૦૧૮-૧૯ના વર્ષની અરજીઓ ઓનલાઇન કરવાની થાય છે. આ અરજીઓ મોકલવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮ છે. જેનું એડ્રેસ https://www.digitalgujarat.gov.in છે. આ અંગેની તમામ માહિતી આ સાથે સામેલ પત્રમાં જણાવેલ છે. તો આપને ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના લાભાર્થે સદર પરિપત્ર આપના નોટીસ બોર્ડ પર મૂકવા તથા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

બિડાણ :
સંદર્ભિત પત્ર

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ તરફ..........

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારૂ :
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ
(૪) યુ. જી. સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર

JRD HC



૨૮૨૮-૩૨૯૯

**ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮**

ક્રમાંક: હ–૨/સ્કો/૨૦૧૮/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૫/૧૦/૨૦૧૮

પ્રતિ,
– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..

વિષય:– રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભ:– આ કચેરીના પત્ર ક્રમાંક:હ–૨/સ્કો/૨૦૧૭/૨૩૯૭–૨૮૭૦

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જે અન્વયે સને.૨૦૧૮–૧૯ના વર્ષમાં ઓન લાઈન અરજીઓ મોકલી આપવા ઉકત સંદર્ભ દર્શિત પત્રથી જણાવેલ છે. જે પત્રની વિગતો મુજબ નીચે જણાવ્યા મુજબની યોજનાવાર અરજીઓ કરવાની રહેશે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે

(૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના :–

સદર યોજનાની વિગતવાર માહિતી પોર્ટલ ઉપર આપવામાં આવેલ છે તે મુજબ કોલેજોમાં અભ્યાસ કરતાં જુદા જુદા અભ્યાસ ક્રમ માટે મેરીટના ધોરણે આપવા આવે છે. આવક મર્યાદા વાર્ષિક રૂ.૨,૫૦,૦૦૦/– છે.

(૨) સંશોધન શિષ્યવૃત્તિ :–

જુદી જુદી યુનિવર્સિટીઓમાં વિજ્ઞાન શાખામાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને ચૂકવવામાં આવે છે. (૧) મેથેમેટીકસ(૨) ફીઝીકસ (૩) કેમેસ્ટ્રી (૪) બાયોલોજી, (૫) માઈક્રો બાયોલોજી અને (૬) ઝુલોજી વિષયમાં સંશોધનનો અભ્યાસ કરતાં અને અરજીની તારીખે ૨૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા વિધાર્થીઓને મળવા પાત્ર થાય છે. આ યોજના માટે કોઈ આવક મર્યાદા નથી.

માટે યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે વિકસાવવામાં આવેલ ઓન લાઈન પોર્ટલની મદદથી ગયા વર્ષે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ હતી. તે મુજબજ નીચે જણાવેલ વિગતે અરજી મોકલી આપવાની રહેશે.

આ યોજનાઓ માટેનું વેબ એડ્રેસ https://www.digitalgujarat.gov.in છે. જેની ઉપર સને.૨૦૧૮–૧૯ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે જણાવવામાં આવે છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮ નિયત થયેલ છે. યોજનાની વિગતો પોર્ટલ ઉપર મૂકવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ સંશોધન શિષ્યવૃત્તિ નો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવશો અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃત્તિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરશો.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે. ઓન લાઈન અરજી કરવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.

www.digitalgujarat.gov.in → Student coner →Scholarship → concern Scholarship scheme* → Apply online પરથી ફોર્મ ભરવાનું રહેશે.

* નોંધઃ concern Scholarship scheme માં જે તેને લાગુ પડતી Higher education scholarship scheme, Research scholarship scheme યોજના પૈકી જે યોજનાના લાભ લેવા માંગતા હોય તે સીલેકટ કરવાની રહેશે. યોજનાની વિગતવાર માહિતી પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે.

આમ આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓએ તા.૩૦/૧૧/૨૦૧૮ પહેલાં ઓન લાઈન અરજી કરવાની રહેશે. ઓફ લાઈન મેન્યુઅલ અરજી પત્રકો અત્રે સ્વીકારવામાં આવતાનથી તેની જાણ સબંધિત વિધાર્થીઓને કરશો. તેમજ આપની કોલેજનાં કોઈ વિધાર્થી ઉકત શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખીને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

રાજ્ય સરકાર શ્રીની શિષ્યવૃત્તી યોજનાઓના અમલીકરણ બાબત

કચેરીનું નામ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ડીઝીટલ પોર્ટલ

| ક્રમ | યોજનાનું નામ | લાભ મેળવવા માટેની પાત્રતા | મળવાપાત્ર રકમ વાર્ષિક રૂા. | બેઠકોની સંખ્યા | વાર્ષિક આવક મર્યાદા | રીમાકર્સ / પૉટલનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | |
| ૧ | ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના | સરકારી અને ગ્રાન્ટેડ શાળા તથા કોલેજ કક્ષાએ જુદા જુદા અભ્યાસક્રમો માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મળવાપાત્ર છે.<br>- ધો.૧૧, ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે<br>- જુદા જુદા સ્નાતક કક્ષાના અભ્યાસ ક્રમ માટે | ધો.૧૧,૧૨ તથા ફાઇન આર્ટસમા રૂા.૧૦૦૦ સાયન્સ,કાયદો,ફાર્મસી માં રૂા.૨૦૦૦ આયુર્વેદ, તથા પીજીમાં રૂા.૩૦૦૦ અને તબીબી તથા ઇજનેરી કોર્ષમાં રૂા.૬૦૦૦ | ૧૪૪૫ | રૂા.૨.૫૦,૦૦૦/- | www.digitalgujarat.gov.in |
| ૨ | સંશોધન શિષ્યવૃત્તિ યોજના | અનુસ્નાતક પછી યુનિવર્સિટી ખાતે સાયન્સ શાખામાં સાયન્સના વિષયો માં સંશોધનનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મળવાપાત્ર થાય છે. | વાર્ષિક રૂા.૧૦,૦૦૦ | ૭૨ | આવક મર્યાદા નથી. | સાયન્સના કુલ.૬ વિષયો માટે (૧) મેથેમેટીક્સ (૨) ફીઝીક્સ (૩) કેમેસ્ટ્રી (૪) બાયોલોજી, (૫) માઈક્રો બાયોલોજી અને (૬) ઝુલોજી<br>- ૨૫ વર્ષની ઉંમર સુધી મળવાપાત્ર છે.<br>www.digitalgujarat.gov.in |